# સાફલ્ય ગાથા,અમદાવાદ ગ્રામ્ય.

## અઠવાડિક તા.૦૨/૧૦/૨૦૧૭ થી તા.૦૮/૧૦/૨૦૧૭

## પ્રેસનોટ –

**ગુજરાત રાજ્યના ધોરી માર્ગ ઉપરથી પસાર થતા માલવાહક વાહનમાંથી કિમતી માલ સામાનની લૂંટ કરી ધોરી માર્ગ ઉપર તરખાટ મચાવતી ગેંગનો પદાફાર્સ કરી અસલાલીની ચકચારી એક કરોડથી વધુના અમૂલ ઘી ના લૂંટના ગુન્હાનો ગણત્રીના દિવસોમાં ભેદ ઉકેલતી અમદાવાદ ગ્રામ્ય પોલીસ**

અત્રેના જીલ્લાના અસલાલી પો.સ્ટે. હદ વિસ્તારના લાભા ટર્નીગ અમદાવાદ- ખેડા હાઇવે ઉપર આવેલ સિંધ રોડ કેરીયર ટ્રાન્સપોર્ટ નામની ટ્રાન્સપોર્ટના ડ્રાઇવર અને મુંબઇ. કોરલાવેસ્ટ ગફુર ખાન એસ્ટેટ, ખાતે રહેતા ફરીયાદિશ્રી નફીશઅહેમદ નીસારએહમદ મલેક નાઓ ગઇ તા.૦૭/૦૯/૨૦૧૭ ના રોજ ટ્રાન્સપોર્ટની ટ્રક(કન્ટેનર) નં-જી.જે-૦૧-સી.વી-૧૪૦૫ માં ગાંધી નગર ખાતેની મધર ડેરી થી ગુજરાત કો.ઓપરેટીવ મીલ્ક માર્કેટીંગ ફેડરેશન (અમુલ) ઘી ડબ્બાના કાર્ટુન નંગ-૧૭૫૦ (વજન ૨૧ ટન) ભરી બોમ્બે ગોરેગાંવ(ઇસ્ટ) ખાતે જવા નીકળેલા દરમ્યાન રસ્તામાં અમદાવાદ-બોમ્બે હાઇવે ઉપરની લાંભા ગામની સીમ ખાતેની ટ્રાન્સપોર્ટ સામે રાત્રીના કન્ટેનરમાં સૂતા હતા તે દરમ્યાન તા.૦૮/૦૯/૧૭ ના રાતના આશરે ૨/૦૦ વાગ્યાના અરસામાં ચાર અજાણ્યા માણસો ટ્રકમાં ચઢી ફરીયાદિશ્રીને મૂઢ માર મારી હાથ-પગ બાંધી ટ્રક સાથે હાઇજેક કરી ખેડા-ધોળકા રોડ ઉપર જય માતાજી હોટલ નજીક અન્ય ટ્રકમાં ઘીના ડબ્બાના કાર્ટુન ટ્રાન્સફર કરી ભોગ બનેલ કન્ટેનર બીન વારસી બારેજા તરફના રોડ ઉપર મુકી તેમાં ભરેલ ઘીના ડબ્બા લઈ જઈ લૂંટ કરી નાસી ગયેલ સબંધે અસાલાલી પો.સ્ટે ખાતે ચાર અજાણ્યા ઇસમો વિરૂધ્ધ ગુન્હો નોધાયેલ જે ગુન્હાની ગંભીરતા ધ્યાને લઇ અમદાવાદ ગ્રામ્ય જીલ્લાના પોલીસ વડાશ્રી આર.વી.અસારી સાહેબશ્રી નાઓએ એલ.સી.બી/એસ.ઓ.જી અને સ્થાનિક પોલીસની અલગ અલગ ટીમો બનાવી ગુન્હો શોધવા ચક્રો ગતિમાન કરેલ

તેના ભાગરૂપે એલ.સી.બી પો.ઇ.શ્રી જે.એમ.ચુડાસમા તથા પો.સ.ઇ શ્રી આઇ.એમ. ઝાલા અને શ્રી એસ.એન.રામાણી અને એસ.ઓ.જી. પો.ઇન્સ.શ્રી ડી.ડી.સોઢા, પો.સ.ઇ.શ્રી વી.એમ કોલદરા તથા પો.સ.ઇ.શ્રી એન.એ રાયમા તેમજ એલ.સી.બી,/એસ.ઓ.જી. ટીમે ગુન્હાવાળી જગ્યાની વીજીટ કરી, હાઇવે ઉપરના સી.સી.ટી.વી ફુટેજ તેમજ આ પ્રકારે ગુન્હા આચરતી ગેંગ સબંધે માહિતી એકત્રિત કરી, ફરીયાદીશ્રીએ આપેલ બનાવ હકિકત અને આરોપીઓની ભાષા (બોલી)ના અનુમાન આધારે તેમજ લૂંટમાં ગયેલ ઘીના જથ્થાને ધ્યાને લઇ બજારમાં ઘી-ના જથ્થાબંધ વેપારીઓ પાસે સસ્તા ભાવે વેચાણ અર્થે આવવાના અનુમાન સાથે અને ખાસ કરીને અમૂલ ઘીના જથ્થાબંધ વેપારીઓનો સંર્પક કરી ઘી ઉત્પાદન બેચ નંબર સહિતની માહિતી શેર કરી, ગુન્હો શોધવા કવાયત હાથ ધરેલ તેના ફળ સ્વરૂપે ઉપરોક્ત વર્ણન મુજબનો મુદ્દામાલ વેચવા માટે ગાંધીધામ-કચ્છ પૂર્વ જીલ્લામાં ગયેલાની એલ.સી.બીના પો.કોન્સ અજયસીહ ચુડાસમા તથા પો.કો ભરતસીહ ગોળ, પો.કોન્સ. હિતેન્દ્રસિહ ચૌહાણ નાઓને સંયુક્ત રીતે મળેલ બાતમી હકિકત આધારે સ્થાનિક બાતમીદારોના નેટવર્કથી (ગાંધિધામ-કચ્છ પૂર્વ) અંજાર, વર્ષામેડી ગામ નજીકના હાઇવે રોડ ઉપરના ફાર્મ હાઉસ ના બંગલા ખાતેથી લૂંટમાં ગયેલ મુદ્દમાલ પૈકી પ્રથમ પાંચ ટન ઘી (કી.રૂ.૨૪,૭૮,૫૪૦/-) નો મુદ્દામાલ મળી આવતા ગુન્હો શોધવામાં મહત્વની કડી હાથ લાગેલ

## ફાર્મ હાઉસના માલીક યતિન પ્રભુભાઇ ડોડિયા (કોળી) શકના દાયરામાં

ઉકત ફાર્મ હાઉસ ખાતેથી ઘીનો જથ્થો કબ્જે કરી ફાર્મ હાઉસના રખેવાળની ઘનિષ્ઠ પૂછપરછમાં ફાર્મ હાઉસના બંગલાના માલીક યતિન પ્રભુભાઇ કોળીએ ઘીનો જથ્થો રખાવેલાનુ અને માલ આઇસર ખાલી કરી ગયેલાની હકિકત જણાવેલ જેથી માલ ઉતારવા આવેલ આઇસર ચાલકનુ નામ/સરનામુ મેળવી આઇસર ચાલકની પૂછપરછમાં મહેસાણા ખાતેથી મહેશ પરમાર નામના ઇસમે આઇસર ભાડે કરી માલ ભરાવેલાની હકિકત જણાવેલ

## રૂ.એક કરોડથી વધુનો ઓરીજનલ મુદ્દામાલ રીકવર

આઇસર ચાલકને સાથે રાખી મહેસાણા નજીકના રામપુર (કોકશ) ગામેથી મહેશ પરમાર નામના ઇસમે મકાન ભાડા પેટે રાખી માલ

સંતાડેલા તે ખોડાજી લીલાજી ઠાકોરના મકાન માંથી બાકી રહેતો ઘીનો જથ્થો અંદાજે સોળ ટન ઘી (કી.રૂ. ૬૬,૫૨,૩૮૦/-) નો મળી આવતા કબ્જે કરવામાં આવેલ

## મહેસાણાનો મહેશ પરમાર પોલીસના રડારમાં

આમ, કચ્છ અને મહેસાણા ખાતેથી લૂંટમાં ગયેલ તમામ ઓરીજનલ મુદ્દમાલનુ ઘી ૨૧ ટન, કી.રૂ. ૧,૧૧,૭૩,૪૬૦/-નુ કબ્જે કરવામાં આવેલ તે ઘી મકાન ભાડે રાખી મહેસાણાના મહેશ પરમાર નામના ઇસમે સંતાડેલાનુ સામે આવતા ચોક્કસ દિશામાં ધ્યાન કેન્દ્રીત કરી રીસીવરોની શોધખોળના ચક્રો ગતિમાન કરેલ તેના ફળ સ્વરૂપે ઇલેક્ટ્રોનિક સર્વેલન્સ અને સ્થાનિક બાતમીદારો થકી મહેસાણા ખાતે થી રીસીવર ઝડપી પાડેલ

## રીસીવર પોલીસ સંકજામાં

(૧) મહેશ બાબુભાઇ પરમાર ઉ.વ.૪૬ રહે. જગતપુરા, મહેસાણા

(૨) યતિન પ્રભુભાઇ ડોડિયા (કોળી) ઉ.વ ૨૭ રહે. વર્ષામેડી ગામ, તા અંજાર, જી.કચ્છ પૂર્વ, ગાંધિધામ

સદર ઇસમોને અત્રે એલ.સી.બી, કચેરી બોપલ ખાતે લાવી આગવી ઢબે પૂછપરછમાં રીસીવર મહેશ પરમારે છેલ્લા ૧૧ માસ દરમ્યાન રૂ.બે કરોડથી વધુનો ચોરીનો માલ ખરીદ કરેલાની કેફિયત આપેલ

## રૂ. બે કરોડથી વધુનો ચોરીનો મુદ્દામાલ ખરીદેલાની કબૂલાત

આરોપીની ધનીષ્ઠ પૂછપરછમાં છેલ્લા અગીયાર માસ દરમ્યાન અલગ અલગ સમયે કાપડની ગાસડીઓ/ સાડીઓ, રેડીમેડ ઇમ્પોર્ટેન શર્ટ/પેન્ટ,બોડી સ્પ્રે, તથા એ.સી., ઇલેક્ટ્રીક પંખા, વોલ્વો લાઇન ઓઇલ, ઓટો મોબાઇલ્સ સ્પેરપાર્ટ, પડદાનુ અસ્તર, પડદાનુ કાપડ, કાજુ , લેડીઝ ગારમેન્ટ, જતુંનાશક દવાઓ વિગેરે અંદાજે બે કરોડથી વધુનો ચોરીનો માલ ખરીદેલાનુ અને ગુજરાતના કચ્છ, અમદાવાદ તથા મુબઇ, મહારાષ્ટ્ર ખાતે અલગ અલગ જગ્યાએ વેચેલાની કેફિયત આપેલ જેથી આરોપીઓની કબૂલાતની ખરાઇ કરી આ મુદ્દમાલ કયાથી અને કેવી રીતે મેળવેલ તે દીશામાં આરોપીઓને પોલીસ રીમાન્ડ મેળવવા તજવીજ કરેલ છે.

## ગુજરાત અને પડોશી રાજ્યના વધુ ગુન્હાઓનો ભેદ ઉકેલાય તેવી શક્યતા

આરોપીની કબૂલાત અને અગીયારેક માસનો સમય ગાળો તથા બે કરોડથી વધુના માલનો જથ્થો ધ્યાને લેતા આ મોડસ ઓપરેન્ડીથી નોધાયેલ ગુજરાત રાજ્ય તથા પડોશી રાજ્યોના વધુ ગુન્હાઓનો ભેદ ઉકેલાય તેવી સંભાવના છે.





## પ્રેસનોટ –

**નજર ચુકવી કિમંતિ માલ-સામાન ચોરીના ગુન્હા આચરતી અન્નાગેંગને ઝડપિ રૂ.૧૦,૦૦,૦૦૦/-ની ચકચારી ચીલઝડપના ગુન્હાનો ગણત્રીના દિવસોમાં ભેદ ઉકેલતી એલ.સી.બી,/એસ.ઓ.જી.અમદાવાદ ગ્રામ્ય**

**એલ.સી.બી,/એસ.ઓ.જી.અમદાવાદ ગ્રામ્ય**

અત્રેનાજીલ્લાનાસાણંદનળસરોવર રોડ ઉપરની ભાગ્યોદય સોસાયટીમાં રહેતા અને સાણંદ બસ સ્ટેન્ડ સામે જગદિશ ફરસાણ ક્રિષ્ણા કોલ્ડ્રીકનામથી ફરસાણ/કોલ્ડ્રીક નો વ્યવસાય કરતા ફરીયાદિશ્રીજયંતીલાલ પટેલનાઓ ગઇ તા.૧૨/૦૯/૨૦૧૭ ના રોજ અગીયારેકવાગ્યાના સુમારે પોતાની હ્યુન્ડાઇએલેન્ટ્રા ગાડી નં .GJ 01 RE 7772 ની આગળ ની ખાલી સાઇડનીશીટ ઉપર છીકણીકલરનીથેલીમાંધંધાનારોકડા રૂ. દસ લાખ મૂકી ગાડિ ચાલુ કરી ઘરે જવાની તૈયાર કરતા હતા અને દૂકાનનાકાઉન્ટરે બેઠેલ પોતાના ભત્રીજાને ગાડિમાં બેઠા બેઠાસુચના આપતા હતા તે દરમ્યાન એક અજાણ્યા ઇસમે ગાડી નો કાચ ખખડાવીફરીયાદી /સાહેદ ને ઇસારો કરી કહેલ કે તમારી વસ્તુ નીચે પડી ગયેલ છે. જેથી ફરીયાદી / સાહેદ ગાડી નીચે ઉતરી કઇ વસ્તુ પડી ગયેલ છે. તે વસ્તુ જોવા ઉતરેલતે મોકાનો લાભ ઉઠાવી આશરે બારેક વર્ષના અજાણ્યોછોકરાએ ગાડી ની દાલીસાઇડમાં પડેલ

રૂ.૧૦,૦૦,૦૦૦/- ની રકમ સાથેના થેલાનીશીફતપૂર્વકચીલ ઝડપ કરી લઇ ગયેલ તે સંબધેસાણંદપો.સ્ટે. ખાતે ગુન્હોનોધાયેલ જે ગુન્હાની ગંભીરતા ધ્યાને લઇ જીલ્લા પોલીસ અધિક્ષકશ્રી, આર.વી. અસારી સાહેબ નાઓએએલ.સી.બી, એસ.ઓ.જી. અને સ્થાનિક પોલીસની અગલ અલગ ટીમો બનાવી ગુન્હો શોધવા કવાયત હાથ ધરેલ તેના ભાગરૂપે એલ.સી.બી.ના પો.ઇન્સ.શ્રી જે.એમ.ચુડાસમા પો.સ.ઇ.શ્રી એસ.એન.રામાણી, પો.સ.ઇ.શ્રી. આઇ એમ. ઝાલા તથા એસ.ઓ.જી. પો.ઇન્સ.શ્રી ડી.ડી.સોઢા, પો.સ.ઇ.શ્રીવી.એમકોલાદરા તથા પો.સ.ઇ.શ્રી એન.એ.રાયમા તેમજ એલ.સી.બી,/ એસ.ઓ.જી. ટીમે ગુન્હાવાળી જગ્યાની વિઝીટ કરી ભોગ બનનાર ફરીયાદી/સાહેદશ્રીએ શકમંદોના આપેલ વર્ણન અને ગુન્હાની પધ્ધતિ અને અગાઉ આ પ્રકારની એમ.ઓથી નોધાયેલ ગુન્હાની માહિતિ એકઠી કરી માહિતિ નોઅભ્યાસ કરેલ જેમાં અન્ના ગેગની સંડોવણીના અનુમાન સાથે ચોકકસ દિશામાં ધ્યાન કેન્દ્રિત કરી ગુન્હો શોધવા ચક્રો ગતિમાન કરેલ તેના ફળ સ્વરૂપે એલ.સી.બી ના સહાયક સબ ઇન્સ્પેક્ટર શ્રી કરણસિહ વાઘેલા, પો.કોન્સશ્રી નટવરસિહ ચૌહાણ નાઓને સંયુકત રીતે ચોક્કસ બાતમી હકિકત મળેલ કે આ ગુનહામાં સંડોવાયેલ ઇસમો સનાથલ સર્કલ થઇ અમદાવાદ શહેર તરફ જનાર છે. જે હકિકત આધારે એલ.સી.બી/એસ.ઓ.જીની ટીમે સનાથલ સર્કલ નજીક વોચ ગોઠવી ભારે જહેમતથી મુખ્ય સૂત્રધાર સહિત કુલ – ૫ ઇસમોને ઝડપી પડેલ

**રૂ.૪,૯૬,૦૦૦/- ના મુદ્દામાલ સાથે મુખ્ય સૂત્રધાર સહિત પાંચ ઝડપાયા**

**(૧)** સંતોષ સ/ઓ રાજૂકુમારચમાર ઉ.વ.૩૬ રહે. રબારીની ચાલી, સીગરવા તા.સીટી અમદાવાદ મૂળગામ નવાપુર વાકિપડા ,તા.નવાપુરા,જી.નંદુબાર (મહારાષ્ટ્ર)

**(૨)** મનિ સ/ઓ કરચૈઆતૈલી ઉ.વ. ૫૫ રહે. રબારીની ચાલી, સીગરવા તા.સીટી અમદાવાદ મૂળગામ નવાપુર-વાકિપડા,તા.નવાપુરા, જી. નંદુબાર થાણા-નવપુરા(મહારાષ્ટ્ર)

**(3)** રમેશ સ/ઓ મનિકરયૈઆ જાતે તૈલી ઉ.વ. ૨૧ રહે. રબારીની ચાલી, સીગરવા તા.સીટી અમદાવાદ મૂળગામ નવાપુર-વાકિપડા,તા.નવાપુરા, જી. નંદુબાર(મહારાષ્ટ્ર)

(૪) સંજય સ/ઓ શુભૈઆ તૈલી (ચમાર) ઉ.વ.૨૯ રહે. રબારીની ચાલી, સીગરવા તા.સીટી અમદાવાદ મૂળગામ નવાપુર-વાકિપડા,તા.નવાપુરા, જી.નંદુબાર(મહારાષ્ટ્ર)

(૫) શંકર સ/ઓ મૃગેશ તૈલી ઉ.વ. ૨૯ રહે. રબારીની ચાલી, સીગરવા તા.સીટી અમદાવાદ મૂળગામ નવાપુર-વાકિપડા,તા.નવાપુરા, જી.નંદુબાર થાણા-નવાપુરા(મહારાષ્ટ્ર)

ઉક્ત આરોપીઓ ની અંગ ઝડતિ માંથી રોકડ રકમ રૂ.૪,૬૪,૫૦૦/-, મો.ફોન-૨૧ કિ.રૂ.૩૧,૫૦૦/-,મળી કુલ રૂ.૪,૯૬,૦૦૦/-નો મુદ્દમાલ મળી આવતા અટકાયત કરી આગવી ઢબે પૂછપરછ કરતાઆ ગુન્હાની કબૂલાત કરેલ.

## છેલ્લા બે માસ દરમ્યાનબારથી વધુ ગુન્હાને અંજામઆપેલાની કબૂલાત

આરોપીઓની આગવી ઢબે ઘનિષ્ઠપૂછપરછમાં છેલ્લા બે માસ દરમ્યાન અમદાવાદ શહેર, અંબાજી અને રાજસ્થાનના રામદેવરા મેળામાં આશરે બારથી વધુ ગુન્હા આચરેલાની કબૂલાત કરેલ છે. જેથી આ પ્રકારની એમ.ઓ.ના વધુ ગુન્હા ઉકેલાય તેવી શક્યતા

## આરોપીનો ગુન્હાહિત ઇતિહાસ

ઉકતઆરોપીઓપૈકિમુખ્ય સૂત્રધાર સંતોષ રાજૂકુમાર સને ૨૦૧૪ માં આજ પ્રકારની એમ.ઓ.થીઆચરેલજીલ્લાનાબાવળાપો.સ્ટે તથા વિરમગામ ટાઉન પો.સ્ટે. અને અમદાવાદ શહેર તથા યુ.પીના કાનપુર ના મળી આશરે પાંચેક ગુન્હામાંસંડોવાયેલ છે.

## આરોપીઓનીગુન્હો કરવાની પધ્ધતી

આ ટોળકીના માણસો સ્લમએરીયાનાઝૂપડપટ્ટીમાં આશરો મેળતા અને ગૃપમાં નિકળી મુખ્યત્વે બજાર ખુલવાનો સવારનો સમય પસંદ કરતા અને વેપારી દૂકાનની સાફ/સફાઇ અથવા પૂજા- અર્ચના માં રોકાયેલ હોય તેને ટાર્ગેટ કરી, બે ઇસમોવસ્તુખરીદવાનાબાહના હેઠળ વેપારી ને વ્યસ્ત રાખતા, અન્ય સાગરીતો સીફતપૂર્વક દૂકાનનાકાઉન્ટર/વાહનમાં થી થેલા ની ચીલ ઝડપ કરી ગુન્હાને અંજામ આપતા

ગેગનોમૂખ્ય સૂત્રધાર સંતોષ મૂળ આંધ્ર પ્રદેશનો હોઇ ગેગઅન્નાગેગ થી કુખ્યાત છે.



આમ અમદાવાદ જીલ્લા એલ.સી.બી./એસ.ઓ.જી.ની ટીમ ધ્વારા સદરી વીક દરમ્યાન ઉકત સારી અને પ્રશંસનીય કામગીરી કરવામાં આવેલ છે.

(આર.વી.અસારી)
પોલીસ અધિક્ષક
અમદાવાદ ગ્રામ્ય,અમદાવાદ